## બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને વનડેમાં 21 વર્ષ પછી હરાવ્યું

ઢાકા, તા. 9: ઢાકામાં રમાયેલી ત્રણ વનડે મેચની સિરીઝના પ્રથમ મુકાબલામાં બાંગ્લાદેશે ઓસ્ટ્રેલિયાને ડકવર્થ લુઈસ નિયમ મુજબ 86 રનથી હરાવ્યું છે. ઓસ્ટ્રેલિયા સામે 23 વનડે મેચોમાં બાંગ્લાદેશની આ માત્ર બીજી જીત છે. આ પહેલા તેણે 2005માં કાર્ડિફમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું. ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમે 8 વિકેટે 284 રન બનાવ્યા હતા. ટીમ તરફથી મોસદ્દક હુસૈને સૌથી વધુ 86 રન, નજમુલ શાંતોએ 67 રન અને તંજીદ તમિમે 54 રન બનાવ્યા હતા. 285 રનના ટાર્ગેટ સામે ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખૂબ ખરાબ રહી હતી અને 2 રનમાં 2 વિકેટ પડી ગઈ હતી. બાંગ્લાદેશની પેસ બોલિંગ સામે ઓસ્ટ્રેલિયાની બેટિંગ લાઈન પડી ભાંગી હતી અને 42.2 ઓવરમાં 9 વિકેટે 191 રન જ બની શક્યા હતા. ખરાબ હવામાનના કારણે મેચ આગળ ન રમાતા બાંગ્લાદેશને વિજેતા જાહેર કરાયું હતું. બાંગ્લાદેશ તરફથી નાહિત રાણાએ 4 વિકેટ ઝડપી હતી.

## મહિલા ટી-20 વર્લ્ડકપ: કઈ ટીમ છે મજબૂત દાવેદાર

**વનડે** વર્લ્ડકપ જીત્યા બાદ ભારત ટી-20 વર્લ્ડકપ જીતીને ગ્રાન્ડ ડબલ પૂર્ણ કરવા આતુર



બેંગ્લુરુ, તા. 9 (પીટીઆઈ): શું ભારત ઐતિહાસિક ડબલ જીત પૂરી કરશે? શું ઓસ્ટ્રેલિયા પોતાનું ગુમાવેલું વર્ચસ્વ પાછું મેળવી શકશે? શું આ વખતે દક્ષિણ આફ્રિકા જેવી ટીમો લાઈમલાઈટમાં આવશે કે પછી કોઈ અન્ડરડોગ ટીમ ટ્રોફી જીતીને ઈતિહાસ રચશે? 12 જૂનથી ઈંગ્લેન્ડમાં શરૂ થઈ રહેલી આઈસીસી (ICC) મહિલા ટી-20 વર્લ્ડકપની 10મી આવૃત્તિ ઘણી રોમાંચક શક્યતાઓ લઈને આવી છે. અહીં મુખ્ય દાવેદારો અને પડકારરૂપ ટીમો પર એક નજર કરવામાં આવી છે:

**ભારત**

ગયા વર્ષે વનડે વર્લ્ડકપ જીત્યા બાદ, ભારત હવે ટી-20 વર્લ્ડકપ જીતીને ગ્રાન્ડ ડબલ પૂર્ણ કરવા આતુર છે, જે સિદ્ધિ અત્યાર સુધી માત્ર ઓસ્ટ્રેલિયાએ મેળવી છે. હરમનપ્રીત કૌરની આગેવાની હેઠળની આ ટીમ પાસે તે ક્ષમતા છે, જે છેલ્લા 6 મહિનામાં શ્રીલંકા અને ઓસ્ટ્રેલિયા સામે ઘરઆંગણે મળેલી જીતથી સાબિત થાય છે. ભારતને ઓલરાઉન્ડર અમનજોત કૌરની ખોટ પડશે. સ્મૃતિ મંધાના, જેમિમા રોડ્રિગ્સ અને દીપ્તિ શર્મા જેવી ખેલાડીઓ પાસે ઈંગ્લેન્ડમાં રમવાનો અનુભવ હોવાથી તે ટીમ માટે ફાયદાકારક રહેશે.

**ઓસ્ટ્રેલિયા**

6 વખતની ચેમ્પિયન ટીમ પાસે એલિસા હીલીની નિવૃત્તિ બાદ સોફી મોલિનક્સના રૂપમાં નવી કેપ્ટન છે. ઓસ્ટ્રેલિયાની સાચી તાકાત એલિસ પેરી, તાહલિયા મેકગ્રા અને બેથ મૂની જેવા અનુભવી ખેલાડીઓમાં રહેલી છે. આ વખતે ટીમમાં જ્યોર્જિયા વોલ અને લ્યુસી હેમિલ્ટન જેવા પ્રતિભાશાળી ખેલાડીઓ ઉમેરાતા ટીમ વધુ મજબૂત બની છે.

**ન્યુઝીલેન્ડ**

વર્તમાન ટાઈટલ હોલ્ડર ટીમ પાસે અનુભવ અને યુવા ખેલાડીઓનું યોગ્ય મિશ્રણ છે. તેમની આશાઓ મુખ્યત્વે સોફી ડિવાઈન, સુઝી બેટ્સ અને લી તાહુહુ પર ટકેલી છે. ખાસ કરીને ઓલરાઉન્ડર અમેલિયા કેર ન્યુઝીલેન્ડ માટે મહત્વનું પરિબળ સાબિત થશે, જે હાલમાં શાનદાર ફોર્મમાં છે.

**ઈંગ્લેન્ડ**

યજમાન ટીમ તેની નિયમિત કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટની ફિટનેસ પર નજર રાખી રહી છે. ઈંગ્લેન્ડે તાજેતરમાં ભારત સામેની સિરીઝમાં સાબિત કર્યું છે કે તેઓ કેપ્ટન વગર પણ જીતી શકે છે. ટીમ પાસે હીધર નાઈટ અને ડેની વ્યાટ-હોજ જેવી અનુભવી ખેલાડીઓ છે.

**દક્ષિણ આફ્રિકા**

પોતાના પ્રથમ ટાઈટલની શોધમાં દક્ષિણ આફ્રિકાએ અનુભવી પેસર શબનિમ ઈસ્માઈલને ટીમમાં સામેલ કરી છે. લોરા વોલ્વાર્ડની આગેવાની હેઠળની આ ટીમમાં મેરિઝાન કેપ અને નાદિન ડી કલાર્ક જેવી સક્ષમ ખેલાડીઓ છે.

**શ્રીલંકા (ડાર્ક હોર્સ)**

શ્રીલંકાની ટીમ હાલમાં સૌથી સારા ફોર્મમાં છે, જેણે બાંગ્લાદેશ અને વેસ્ટઈન્ડીઝ સામે સતત મેચો જીતી છે. કેપ્ટન ચમારી અટાપટ્ટુ ટીમનો મુખ્ય આધાર છે. જોકે, ટીમ પાસે મજબૂત ફાસ્ટ બોલિંગ આક્રમણ નથી, તેથી સ્પિનરો પર વધુ નિર્ભર રહેવું પડશે જે ઈંગ્લેન્ડની પિચો પર ચિંતાનો વિષય બની શકે છે.

## ભારત-A ટીમે શ્રીલંકા-Aને રોમાંચક મેચમાં હરાવ્યું

**ત્રિકોણીય** સિરીઝની પ્રથમ વનડેમાં ઇન્ડિયા-A ટીમે આપેલા 278 રનના લક્ષ્યાંક સામે શ્રીલંકા-એ ટીમ 269 રનમાં ઓલઆઉટ થઈ

**ગાયકવાડે** સદી ફટકારી, અર્શદ ખાન, અનુકૂલ અને આયુષે 2-2 વિકેટ લીધી



દાંબુલા, તા. 9 (પીટીઆઈ): દાંબુલામાં રમાયેલી ત્રિકોણીય સિરીઝની પ્રથમ વનડે મેચમાં ગાયકવાડની સદીની મદદથી ઇન્ડિયા-A ટીમે શ્રીલંકા-A સામે 8 રનથી રોમાંચક જીત મેળવી છે.

ઇન્ડિયા-A ટીમે પ્રથમ બેટિંગ કરતા 50 ઓવરમાં 6 વિકેટે 277 રન બનાવ્યા હતા. જવાબમાં શ્રીલંકા-A ટીમ 48.5 ઓવરમાં 269 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી.

ટોસ જીતીને બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત ખરાબ રહી હતી અને 16 રનમાં 2 વિકેટ પડી ગઈ હતી. તે સમયે વાઇસ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે 112 બોલમાં 101 રનની શાનદાર સદી અને કેપ્ટન તિલક વર્માએ 60 રન બનાવીને ચોથી વિકેટ માટે 150 રનની મહત્વની ભાગીદારી કરી હતી. અંતમાં આયુષ બદોનીએ 24 રન અને સૂર્યાંશ શેડગેએ અણનમ 26 રન બનાવીને સ્કોર 277 સુધી પહોંચાડ્યો હતો.

278 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી શ્રીલંકા-A ટીમ એક સમયે જીતની નજીક હતી. તેના કેપ્ટન સહાન અરાચ્ચીગેએ 74 રનની શાનદાર ઇનિંગ રમી હતી. પરંતુ છેલ્લી ઓવરોમાં શ્રીલંકાની ટીમે માત્ર 10 બોલમાં પોતાની છેલ્લી 4 વિકેટ ગુમાવી દીધી હતી. ફાસ્ટ બોલર અર્શદ ખાને છેલ્લી ઓવરમાં 3 વિકેટ ઝડપીને મેચ ભારત તરફ ફેરવી દીધી હતી. ભારત તરફથી આયુષ બદોનીએ 2 અને અનુકૂલ રોયે 2 વિકેટ લીધી હતી. હવે ઇન્ડિયા-Aની આગામી મેચ 11 જૂને અફઘાનિસ્તાન-A સામે થશે.

## FIFA વર્લ્ડકપનો નવો બોલ: 6 કલાકની રમત માટે 90 મિનિટ ચાર્જ કરવો પડશે

**અંદર** લાગેલું સેન્સર બોલની દરેક મૂવમેન્ટ અને ખેલાડી સાથેના સંપર્કનો ડેટા મોકલશે જેનાથી રેફરીને અમુક નિર્ણયો ઝડપથી લેવામાં મદદ મળશે



નવી દિલ્હી, તા._ 9: ફીફા વર્લ્ડ કપ માટે એડિડાસ કંપનીએ એક નવો સત્તાવાર બોલ તૈયાર કર્યો છે, જે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ટેકનોલોજી અને ખાસ સેન્સરથી સજ્જ છે. 'ટ્રિઓન્ડા' (Trionda) નામના આ બોલની સૌથી મોટી ખાસિયત તેની ડિઝાઈન છે, જેમાં અત્યાર સુધીના સૌથી ઓછા પેનલ્સનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બોલ હવામાં વધુ સ્ટેબલ રહેશે, જેથી ખેલાડીઓને અણધાર્યા આંચકા નહીં લાગે. આ બોલ એક ઈલેક્ટ્રોનિક ગેજેટ જેવો છે, જેને 6 કલાક રમવા માટે 90 મિનિટ ચાર્જ કરવો પડે છે. તેના પેનલની અંદર 500 hzનું એક મોશન સેન્સર લગાવવામાં આવ્યું છે. આ સેન્સર બોલની દરેક મૂવમેન્ટ અને ખેલાડી સાથેના સંપર્કનો ડેટા મોકલશે, જેનાથી રેફરીને અમુક નિર્ણયો ઝડપથી લેવામાં મદદ મળશે.

આ સેન્સર AIની મદદથી આ બધો ડેટા પ્રોસેસ થશે, જેથી ઓફસાઈડ, હેન્ડબોલ અને પ્લેયર ટ્રેકિંગ જેવા મહત્વના નિર્ણયો રેફરી ખૂબ જ ઝડપથી અને સાચા લઈ શકશે. આ નવી ટેકનોલોજીનો મુખ્ય હેતુ VAR (વર્ચ્યુઅલ આસિસ્ટન્ટ રેફરી) સિસ્ટમમાં લાગતો સમય ઘટાડવાનો અને ભૂલો અટકાવવાનો છે.

## રોહિત અને હાર્દિક ફિટ, અફઘાનિસ્તાન સામેની વનડે સિરીઝમાં રમશે

**હાર્દિકે** સીઓઈમાં પ્રેક્ટિસ કરી અને મેચમાં પૂરા 10 ઓવર નાંખ્યા

**રોહિતની** હેમસ્ટ્રિંગની સમસ્યા દૂર થઈ



મુલ્લાંપુર, તા. 9 (પીટીઆઈ): સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને સિનિયર બેટ્સમેન રોહિત શર્માને બીસીસીઆઈ (BCCI)ની સેન્ટર ઓફ એક્સેલન્સ (CoE)ની સ્પોર્ટ્સ સાયન્સ ટીમે ફિટ જાહેર કર્યા છે.

આ સાથે જ તેઓ શનિવારથી ધર્મશાલામાં અફઘાનિસ્તાન સામે શરૂ થઈ રહેલી 3 મેચની વનડે સિરીઝમાં રમવા માટે ઉપલબ્ધ રહેશે.

આ બંને ખેલાડીઓ ઈજાના કારણે મુંબઈ ઈન્ડિયન્સ તરફથી આઈપીએલ (IPL)ની કેટલીક મેચો રમી શક્યા ન હતા. હાર્દિક પીઠના દુખાવાથી પરેશાન હતો જ્યારે રોહિતને હેમસ્ટ્રિંગની સમસ્યા હતી. હાર્દિક 2 જૂનથી બેંગલુરુમાં CoE ખાતે હતો, જ્યાં આગામી 5 દિવસ સુધી તેણે મેચ જેવી સ્થિતિમાં પ્રેક્ટિસ કરી અને પોતાના ક્વોટાની પૂરેપૂરી 10 ઓવર બોલિંગ પણ કરી. ટ્રેનિંગ દરમિયાન તેને કોઈ તકલીફ થઈ નથી અને ફિટનેસ કોચ દ્વારા તેનો રિપોર્ટ ઓકે કરવામાં આવ્યો છે.

ભૂતપૂર્વ કેપ્ટન રોહિત શર્માએ પણ પોતાની હેમસ્ટ્રિંગની તપાસ કરાવી હતી અને ટેસ્ટ બાદ તેને પણ આગળ રમવા માટે મંજૂરી આપી દેવામાં આવી છે. હાર્દિક વનડે ક્રિકેટ માટે સંપૂર્ણ તૈયાર છે તે ભારતીય ટીમ માટે રાહતના સમાચાર છે, કારણ કે વિરાટ કોહલી હેમસ્ટ્રિંગની ઈજાના કારણે આ સિરીઝમાં પહેલેથી જ બહાર છે. આ સિરીઝની આગામી મેચો 17 જૂને લખનઉ અને 20 જૂને ચેન્નાઈમાં રમાશે.

## નાઈટ ક્લબ વિવાદ બાદ બેન સ્ટોક્સ ટેસ્ટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી શકે

લંડન, તા. 9 (પીટીઆઈ): ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન બેન સ્ટોક્સ અને તેના સાથી ખેલાડી ગસ એટકિન્સન રવિવારે લોર્ડ્સ ટેસ્ટમાં ન્યુઝીલેન્ડ સામે 115 રનથી જીત મેળવ્યા બાદ મધ્યરાત્રીએ એક નાઈટક્લબમાં ગયા હતા. ત્યાં એક વિવાદાસ્પદ ઘટના બની હતી જેમાં તેમણે ટીમના પ્રોટોકોલનો ભંગ કર્યો હોવાનો આક્ષેપ છે. આ મામલે ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB) દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે અને બંને ખેલાડીઓને 17 જૂનથી શરૂ થનારી બીજી ટેસ્ટ મેચની ટીમમાંથી બહાર કરવામાં આવે તેવી શક્યતા છે. આ વિવાદ વચ્ચે અહેવાલો મળી રહ્યા છે કે બેન સ્ટોક્સ કેપ્ટન પદ છોડી શકે છે અને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત પણ કરી શકે છે. ઈંગ્લેન્ડની ટીમ પર અગાઉ ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન વધુ પડતો દારૂ પીવા અને બિનવ્યાવસાયિક વર્તન કરવાના આરોપો લાગ્યા હતા, જેના કારણે ટીમ પર નિયમો કડક કરવામાં આવ્યા હતા. જોકે, પૂર્વ ફાસ્ટ બોલર સ્ટીવ હાર્મિસન સ્ટોક્સના બચાવમાં આવ્યો છે અને તેણે સમગ્ર હકીકત સામે ન આવે ત્યાં સુધી કોઈ નિર્ણય ન લેવાની અપીલ કરી છે.

## સનીથ દયાનંદ ઓસ્ટ્રેલિયન ઓપનના મુખ્ય ડ્રોમાં પહોંચ્યો




સિડની, તા. 9 (પીટીઆઈ): ભારતના સનીથ દયાનંદે મંગળવારે પોતાની ક્વોલિફાઈંગ મેચો જીતીને ઓસ્ટ્રેલિયન ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટના મેન્સ સિંગલ્સના મુખ્ય ડ્રોમાં પ્રવેશ મેળવી લીધો છે. ક્વોલિફાઈંગ રાઉન્ડમાં ચોથો ક્રમ ધરાવતા દયાનંદે પ્રથમ મેચમાં સ્થાનિક ખેલાડી કારોનોને 21-17, 21-15થી હરાવ્યો હતો. ત્યારબાદ તેણે મલેશિયાના મિંગ હોંગ લિમને 21-9, 21-16થી હરાવીને મુખ્ય ડ્રોમાં સ્થાન પાકું કર્યું હતું, જ્યાં હવે તેનો સામનો ચીનના હુ ઝે અન સામે થશે.

બીજી તરફ, મનરાજ સિંહ પોતાની બીજી ક્વોલિફિકેશન મેચ મલેશિયાના ખેલાડી સામે 11-21, 18-21થી હારીને બહાર થઈ ગયો હતો. મેન્સ ડબલ્સમાં પણ ભારતની અચ્યુતાદિત્ય રાવ અને પી અર્જુન રેડ્ડીની જોડી ઓસ્ટ્રેલિયાની જોડી સામે 15-21, 15-21થી હારીને બહાર થઈ ગઈ હતી. બુધવારથી શરૂ થનારી આ મુખ્ય ટૂર્નામેન્ટમાં ભારત તરફથી બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતા પી વી સિંધુ પડકારની આગેવાની કરશે, જે પોતાની પ્રથમ મેચ પેરુની ઈનેસ લુસિયા કાસ્ટિલો સામે રમશે. આ સિવાય મહિલા સિંગલ્સમાં તન્વી શર્મા, માલવિકા બંસોડ અને અનમોલ ખર્બ જેવી અન્ય ભારતીય મહિલા ખેલાડીઓ પણ કોર્ટ પર ઉતરશે.

## લોર્ડ્સ અને ગદ્દાફીની પિચોને ICCએ અંસતોષકારક ગણાવી

**આ બંને** મેદાનને 1 ડિમેરિટ પોઇન્ટ આપવામાં આવ્યો



દુબઈ, તા. 9: લંડનના લોર્ડ્સ અને લાહોરના ગદ્દાફી સ્ટેડિયમની પિચોને આઈસીસી દ્વારા ખરાબ પ્રદર્શનના કારણે અસંતોષકારક રેટિંગ આપવામાં આવ્યું છે. પિચ અને આઉટફિલ્ડ મોનિટરિંગ પ્રક્રિયા હેઠળ આ બંને મેદાનને 1 ડિમેરિટ પોઇન્ટ આપવામાં આવ્યો છે. લોર્ડ્સ પિચ અંગે મેચ રેફરીએ જણાવ્યું કે ટેસ્ટ દરમિયાન પિચ પરથી બોલને વધુ પડતી સીમ મૂવમેન્ટ મળી રહી હતી અને બોલ ઘણો નીચો પણ રહેતો હતો. આ પિચ પર પ્રથમ દિવસે 16 અને બીજા દિવસે 17 વિકેટ પડી હતી, આ મેચમાં ઈંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને ચોથા દિવસે જ 26 રનથી હરાવ્યું હતું. બીજી તરફ, લાહોરની પિચ ઘણી ધીમી અને નીચી બાઉન્સવાળી હતી, જેના કારણે વનડે મેચમાં બેટ્સમેનો માટે રન બનાવવા ખૂબ મુશ્કેલ બન્યા હતા અને ત્યાં શરૂઆતથી જ સ્પિનરોને મદદ મળવા લાગી હતી. આઈસીસીના નિયમો અનુસાર, જો કોઈ મેદાન 5 વર્ષના ગાળામાં 6 ડિમેરિટ પોઇન્ટ મેળવે તો તેના પર 12 મહિના માટે આંતરરાષ્ટ્રીય મેચો યોજવા પર પ્રતિબંધ લાદવામાં આવે છે.

## ઈરાનના ફેન્સને વર્લ્ડકપની ટીકીટ નકારવામાં આવી

તિજુઆના (મેક્સિકો), તા. 9 (એપી): ઈરાન ફૂટબોલ ફેડરેશને દાવો કર્યો છે કે યુ.એસ.માં યોજનારા વર્લ્ડકપ મેચો માટે ઈરાની ચાહકોની ટિકિટો રદ કરવામાં આવી છે. સામાન્ય રીતે દરેક ફેડરેશનને સ્ટેડિયમની ક્ષમતાના 8% ટિકિટો પોતાના પ્રશંસકો માટે મળે છે. જોકે, 15 જૂને ઈંગલવૂડમાં ન્યુઝીલેન્ડ સામેની પ્રથમ મેચના થોડા દિવસો પહેલાં જ ફેડરેશને જણાવ્યું કે તેઓ ચાહકોને ટિકિટ આપવામાં અસમર્થ છે. આ વિવાદ યુ.એસ. અને ઈરાન વચ્ચેના સૈન્ય તણાવ બાદ વધુ વકર્યો છે. આ જ કારણે ઈરાનની ટીમ હવે એરિઝોનાને બદલે મેક્સિકોના ટિજુઆના શહેરમાં ટ્રેનિંગ લઈ રહી છે. આ ઉપરાંત, કેટલાક ઈરાની અધિકારીઓને યુ.એસ.ના વિઝા નકારવામાં આવ્યા છે. ઈરાન તેની બાકીની મેચો 21 જૂને બેલ્જિયમ અને 26 જૂને ઈજિપ્ત સામે રમવાનું છે. અગાઉ, FIFA પ્રમુખ જિઆન્ની ઈન્ફેન્ટિનોએ 2017માં કહ્યું હતું કે વર્લ્ડકપમાં ક્વોલિફાય થનારી તમામ ટીમો અને તેના ચાહકોને દેશમાં પ્રવેશ મળવો જ જોઈએ.

## ભારતની સૃષ્ટિ અંડર-13 ટેનિસ વર્લ્ડ રેન્કિંગમાં નંબર 1 સ્થાને




બેંગ્લુરુ, તા. 9 (પીટીઆઈ): બેંગલુરુની 13 વર્ષની ટેનિસ ખેલાડી સૃષ્ટિ કિરણે આંતરરાષ્ટ્રીય જુનિયર ટેનિસ સર્કિટમાં અસાધારણ પ્રદર્શન કરીને અંડર-13 વય જૂથના રેન્કિંગમાં વિશ્વમાં નંબર 1 સ્થાન મેળવ્યું છે. સૃષ્ટિએ સતત પાંચ ITF જુનિયર ટાઈટલ જીત્યા બાદ ગત અઠવાડિયે જ ગ્વાટેમાલામાં રનર-અપ રહીને આ સિદ્ધિ મેળવી છે. તેની આ શાનદાર રમતને કારણે તે કારકિર્દીના સર્વોચ્ચ ITF જુનિયર રેન્કિંગમાં 357માં સ્થાને પહોંચી છે, જે તેને વૈશ્વિક સ્તરે અંડર-13 કેટેગરીમાં સર્વોચ્ચ ખેલાડી બનાવે છે.

આર્થિક અને અન્ય અવરોધોને કારણે સૃષ્ટિ માત્ર 8 રેન્કિંગ ટુર્નામેન્ટ રમી શકી હતી, જ્યારે અન્ય ખેલાડીઓ વધુ મેચ રમ્યા હતા. સૃષ્ટિએ જણાવ્યું કે આ સિદ્ધિથી તેનો આત્મવિશ્વાસ વધ્યો છે. હવે તે યુનાઈટેડ કિંગડમમાં J-300 ઈવેન્ટ સાથે યુરોપમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે, જે વિમ્બલ્ડન જુનિયર ચેમ્પિયનશિપ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

### સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | | ૨ | ૫ | | | | ૬ |
| | | | | ૧ | | ૮ | ૫ | ૩ |
| ૧ | | | ૩ | | | | ૭ | ૯ |
| | ૮ | ૯ | ૫ | | | ૬ | ૩ | ૪ |
| ૩ | | ૧ | | ૭ | | ૯ | | ૫ |
| | ૬ | ૨ | | ૩ | | ૧ | | |
| ૬ | | | | ૯ | | | | |
| ૯ | ૧ | | ૭ | ૪ | | ૫ | | ૨ |
| ૪ | | | ૧ | | ૫ | ૩ | | ૮ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**

**મૃદુ વિરેચન**

ક્યારેક, પ્રસંગોપાત થતી કબજિયાત માટે ગુલાબના ફૂલની કળી ઉત્તમ છે. પાંચ કળી, સાકર સાથે ચાવી જવી અથવા પાણી મા બોળી રાખો. ચોળી ને બધું પી જવું.

## અનુસંધાન ... પાના પહેલાનું

**મધ્ય પૂર્વમાં શાંતિ...**

સેનાએ દક્ષિણ લેબનોનના ટાયર શહેર અને તેની આસપાસના વિસ્તારોના રહેવાસીઓને સંભવિત હુમલાઓ પહેલાં સુરક્ષિત સ્થળે જતા રહેવાની અપીલ કરી હતી. ઈરાન અને ઈઝરાયેલના હાલના સામસામા મિસાઈલ હુમલાઓમાં કોઈ જાનહાનિના અહેવાલ નથી.

**PoKમાં ભભૂકી...**

અધિકાર આંદોલનને ગુનાહિત ઠેરવવા સમાન હતું. સપ્ટેમ્બર 2023માં સ્થપાયેલી JAAC એ વેપારીઓ, ટ્રાન્સપોર્ટર્સ, વકીલો અને વિદ્યાર્થી જૂથોનું એક ગઠબંધન છે, જે PoKમાં સૌથી વધુ વિશ્વસનીય જમીની સ્તરનું મંચ બની ગયું છે.

તેણે પોતાની 38 મુદ્દાઓની માંગણીઓ સ્વીકારવા દબાણ લાવવા માટે 9 જૂને સમગ્ર પ્રદેશમાં બંધ અને લોંગ માર્ચનું આહવાન કર્યું હતું. તેમની મુખ્ય માંગણીઓમાં PoK વિધાનસભામાં કથિત ભારતીય કાશ્મીરના શરણાર્થીઓ માટે અનામત રાખવામાં આવેલી 12 બેઠકો નાબૂદ કરવાની છે – આ એવી બેઠકો છે જેનો ઉપયોગ ઈસ્લામાબાદ લાંબા સમયથી મુઝફ્ફરાબાદ વિધાનસભામાં પોતાની કઠપૂતળી સરકાર સ્થાપવા માટે કરતું આવ્યું છે, પછી ભલે PoKના પોતાના લોકો ગમે તેને મત આપે. આ પ્રદેશના સૂત્રોના જણાવ્યા અનુસાર, કુલ 53 વિધાનસભા બેઠકોમાંથી આ 12 બેઠકો ઈસ્લામાબાદ દ્વારા નિયંત્રિત અને પ્રભાવિત કરવામાં આવે છે, ભલે આ પ્રદેશમાં આવા શરણાર્થીઓ ભાગ્યે જ રહેતા હોય. સંગઠન પર પ્રતિબંધના કલાકો પછી, ૬ જૂનની રાત્રે, પોલીસ સાથેની અથડામણમાં એક વેપારીની કથિત રીતે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી, જેના કારણે વિરોધ પ્રદર્શનો શરૂ થયા જે આગળ જતાં ઘાતક સાબિત થયા હતા. સૌથી ભયાનક હિંસા ૮ જૂને રાવલાકકોટમાં થઈ હતી જ્યારે પાકિસ્તાની રેન્જર્સે હોસ્પિટલના શબઘર પાસે એકઠા થયેલા અને અગાઉ માર્યા ગયેલા લોકોના અંતિમ સંસ્કારમાં હાજર રહેલા JAAC સમર્થકો પર બળ પ્રયોગ કર્યો હતો. આજે ૯ જૂને જેએસીસીના એલાનના સંદર્ભમાં પીઓકેના બજારો બંધ રહ્યા હતા અને શેરીઓ સૂની રહી હતી.

**PoKમાં હિંસા...**

તેના માનવાધિકાર ઉલ્લંઘનો પરથી ધ્યાન હટાવવાનો એક અસફળ પ્રયાસ છે. એમ તેમણે કહ્યું હતું. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર બાબતે ભારત સતત વિરોધ નોંધાવતું આવ્યું છે. તે કહે છે કે પાક કબજા માળુ કાશ્મીર એ પાકિસ્તાને ગેરકાયદે રીતે અને બળપૂર્વક કબજે કર્યું છે.

**પાકિસ્તાન હસ્તકના...**

નાગરિકો માર્યા ગયા છે અને ઘાયલ થયા છે, ખાસ કરીને રાવલાકોટમાં, જ્યાં ૫ જૂનથી વિરોધ પ્રદર્શનો વધુ ઉગ્ર બન્યા છે. પાકિસ્તાની મૂળના સાંસદ સહિત ૩૦ સાંસદોની સહી સાથે બ્રિટિશ વિદેશ કચેરીને એક પત્ર મોકલાયો છે જેમાં માગણી કરવામાં આવી છે કે પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં શાંતિથી ઉકેલ આવે તે માટે બ્રિટિશ સરકાર તમામ યોગ્ય રાજદ્વારી ઉપાયો અજમાવે.

**મોદી આજે...**

કરે છે, જે ૨૭ મે ૧૯૬૪ (તેમના અવસાન) સુધી એટલે કે ૪,૩૯૮ દિવસ ચાલ્યો હતો.

**મોદીના નામે નોંધાયેલા અન્ય મહા-રેકોર્ડ્સ**

સૌથી લાંબો સમય શાસન કરનાર ચૂંટાયેલા નેતા: માત્ર કેન્દ્રમાં જ નહીં, પરંતુ ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન તરીકેનો તેમનો સંયુક્ત કાર્યકાળ ૮,૯૩૧ દિવસથી વધુ સમયનો થઈ ચૂક્યો છે. આ ભારતના ઈતિહાસમાં કોઈપણ ચૂંટાયેલા શાસક માટે સૌથી મોટો રેકોર્ડ છે. સતત ૬ મોટી ચૂંટણીઓમાં વિજય: તેઓ ભારતના એકમાત્ર એવા નેતા છે જેમણે એન્ટી-ઈન્કમ્બન્સી (સત્તાવિરોધી લહેર)ને માત આપીને સતત ત્રણ વાર ગુજરાત વિધાનસભા (૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨) અને ત્રણ વાર લોકસભા ચૂંટણી (૨૦૧૪, ૨૦૧૯, ૨૦૨૪)માં ભાજપને પ્રચંડ જીત અપાવી છે.

**વડાપ્રધાન નરેન્દ્ર...**

ભરોસાનું પણ પ્રમાણ છે." શ્રીલંકાના રાષ્ટ્રપતિએ ભારતના નોંધપાત્ર આર્થિક અને સામાજિક પરિવર્તન પર પણ પ્રકાશ પાડ્યો હતો અને નોંધ્યું હતું કે, વડા પ્રધાન મોદીના વિઝને શ્રીલંકા સહિત ભારતની સરહદોની બહાર પણ ઘણા લોકોને પ્રેરણા આપી છે. પાપુઆ ન્યૂ ગિનીના વડા પ્રધાન જેમ્સ મારાપેએ એક વ્યક્તિગત વીડિયો સંદેશમાં વડા પ્રધાન મોદીને 'એક રોલ મોડેલ અને નેતૃત્વનું ઉદાહરણ' ગણાવ્યા હતા. પીએમ જેમ્સ મારાપેએ કહ્યું, "આજે 20 કરોડથી વધુ લોકોને ગરીબીમાંથી બહાર કાઢીને સારું જીવન આપવું એ એક અદ્ભુત સિદ્ધિ છે." વડા પ્રધાન મારાપેએ પાપુઆ ન્યૂ ગિનીની ઉષ્માભરી મિત્રતા અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ત્રિનિદાદ અને ટોબેગોના વડા પ્રધાન કમલા પ્રસાદ-બિસેસરે પણ આ પ્રસંગે પીએમ મોદીને અભિનંદન પાઠવ્યા હતા અને નોંધ્યું હતું કે, તેમના નેતૃત્વમાં ભારત વૈશ્વિક બાબતો પર એક અગ્રણી અવાજ તરીકે ઊભરી આવ્યું છે.

**ભાજપની કેન્દ્રીય...**

ગેંગસ્ટરોના ઉદયને કારણે કથળેલી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ ભ્રષ્ટાચારના મુદ્દાને પણ પોતાના પ્રચારમાં મજબૂતીથી ઉઠાવશે, કારણ કે તે રાજ્યમાં આપને સત્તા પરથી હટાવવા માંગે છે.

**દિલ્હી ડાયરી...**

સૂત્રોએ જણાવ્યું કે, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, જાખડમાં 'ડર્યા વિના' રસ્તા પર ઉતરવા માટે ઉત્સુક નેતા તરીકેની મોટી સંભાવનાઓ જુએ છે. ગાંધીએ કોંગ્રેસની વિદ્યાર્થી પાંખના વડાને આગામી એક સપ્તાહ સુધી વિરોધ પ્રદર્શનો ચાલુ રાખવા માટે જણાવ્યું છે. છેલ્લા કેટલાક દિવસોમાં જાખડે ગુવાહાટી, હૈદરાબાદ અને જયપુર સહિતના અનેક શહેરોમાં વિરોધ પ્રદર્શનોનું નેતૃત્વ કર્યું છે. પ્રદર્શનકારીઓની મુખ્ય માંગણી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની છે, જેઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદી તરફથી કોઈ ઠપકો મળવા કે હાંકી કાઢવાની વાત તો દૂર રહી, પોતાના પદ પર યથાવત રહ્યા છે. સમયાંતરે વિવિધ સ્તરે પેપર લીકના વારંવારના કિસ્સાઓ બનવા છતાં તેમને પોતાના પદ પર ચાલુ રહેવા દેવામાં આવ્યા છે. જાખડ જેવા આશાસ્પદ ઉભરતા રાજકીય કાર્યકરોને ઉચ્ચ સ્તરે બઢતી આપીને યોગ્ય પ્રોત્સાહન આપવું જોઈએ. આનાથી અન્ય યુવાનોને સખત મહેનત કરવાની પ્રેરણા મળશે.

## આજનું પંચાંગ

**તા.10/06/2026, બુધવાર**

**વિક્રમ સંવત** : 2082 **શાકે** : 1948
**વીર સંવત** : 2552 **માસ** : અધિક જેઠ
**તિથિ:** વદ: દશમ: 24:49
**અયન** : ઉત્તરાયન **ઋતુ** : ગ્રીષ્મ
**રાષ્ટ્રિય દિનાંક** : જેઠ: 20
**યોગ** : આયુષ્યમાન **કરણ:** વણિજ
**નક્ષત્ર** : ઊ.ભા.: 9:22 પછી રેવતી
**રાશિ:** મીન (દ.ચ.જ.થ.)
**દિવસ** : મિશ્ર
**સુરતમાં સૂર્યોદય** : 05:57 **સુરતમાં સૂર્યાસ્ત** : 19:18
**નવકારસી** : 06:45
**પારસી વર્ષ** : 1395 દએ માસનો 30મો રોજ
**મુસલમાન વર્ષ** : 1447 જિલ્હેજ માસનો 23 મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
**રાત્રિનાં ચોઘડિયાં:** ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
**રાહુ કાળ** : બપોરે 12:00થી 13:30 સુધી

## આપની આજ

**જ્યોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** ખાવા-પીવા બાબતે સંતુલન રાખવું. અનૈતિક પ્રવૃત્તિ કરવાથી બચવું. સરકારી સિસ્ટમનો સામનો કરવો ભારે પડશે.

**વૃષભ (બ,વ,ઉ,):** જીવનસાથી સંતાનોની સફળતાથી ખુશી થાય. શુભ સમાચાર મળે. પરીક્ષાકાં સફળતા મળે. આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** અધૂરા કામ પૂરા થાય. સામાજીક અને રાજકીય પ્રવૃત્તિ થાય. નવુ શીખવા મળે. વેપારમાં આવક વધશે.

**કર્ક (ડ,હ,):** પિતાની સલાહ માનવી. વિદેશ પ્રવાસના કામ થાય. આવક વધારવાના સાધનો વધશે. જીવાસાથીનો સાથ મળે.

**સિંહ (મ,ટ,):** મીડિયાને લગતાં કામ કરનાર અને સરકારી કામ કરનારે સાવધાન રહેવું. ખાવા-પીવામાં સાવધાન રહેવું

**કન્યા (પ,ઠ,ણ,):** કાયદા કાનૂન, કોર્ટ-કચેરીમાં અનુકૂળતા રહે. સફળતા મળી શકે છે. સમાજમાં માન વધશે.

**તુલા (ર,ત,):** ઉપર વર્ગનો સાથ ઉત્સાહિત રાખશે. આરોગ્ય સારુ રહે. મિત્રોનો સાથ મળે. ઉધાર લેવાનું ટાળવું.

**વૃશ્ચિક (ન,ય,):** પ્રેમી તરફથી ભેટ મળશે. જૂના વિવાદોનો અંત આવે. ધાર્મિક કાર્યથી શાંતિ મળે. આવક વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** વ્યવહારમાં સાવધાની રાખવી નકારાત્મક વિચારો પર કાબૂ રાખવો કાર્યક્ષેત્ર પર અશાંતિ રહે.

**મકર (ખ,જ,):** ટીમવર્કમાં કામ કરવાથી નવુ શીખવા મળે. વ્યવસાયિક સોદા થાય. પરિવાર સાથે પ્રવાસ થાય.

**કુંભ (ગ,સ,શ,ષ,):** જીવનસાથીના આરોગ્યની ચિંતા સતાવે. સ્વાર્થી લોકોથી નુકસાન થાય. ખર્ચા વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** ઘર-પરિવારની સમસ્યાનું સમાધાન થાય. આવક વધારવાની તક મળે. સરકારી કામમાં મદદ મળે.

### કોઈ પણ સાલમાં 10 જૂને જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહે. નોકરી ધંધા વ્યસાયમાં સરકારી નીતિ અને ટેકનોલોજી પ્રમાણે ફેરફાર કરવા. કામનો બોજ વધે. આરોગ્ય નરમ ગરમ રહેશે. આવક વધારવાની યોજનામાં તેમજ આર્થિક બાબતે ચડતી પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નોનો સામનો કરવો પડે. સમય અને ખર્ચા વધશે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહમાં વિઘ્નો આવે. પ્રેમ વિવાહનો પ્રસ્તાવ આવી શકે. વિદ્યાર્થીની મહેનત વધશે. સમય પ્રમાણે ફેરફારથી નવું શિખવા અને પ્રતિકૂળતાનો સામનો કરવો પડે. વિદેશના કામમાં વિઘ્નો આવે. સંતાનોના અભ્યાસ-કેરિયરમાં પ્રગતિ થાય. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. સરકારી નોકરીની યોજનામા મદદ મળે. વારસા, જાયદાદ, જમીન વગેરે કામમાં વિલંબ થાય. વડીલોની મદદ મળતી રહે. યાત્રા-પ્રવાસ ધર્મ કર્મથી શાંતિ મળશે. જુલાઇ-ઓગસ્ટ, રવિ-સોમવાર 1, 10, 19 તારીખે નવા કામ કરવા. સોનેરી રંગનો ઉપયોગ કરતા રહેવું. નવેમ્બર-ડિસેમ્બર, શુક્ર-શનિવાર 7, 16 25 તારીખે નવાં કામ ટાળવા. શ્યામ રંગનો ઉપયોગ ટાળવો.